R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11 Licensed to post without pre-payment Licence No. 001-2009-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૩જી માર્ચ, ૨૦૧૦ ● અંક નં. ૧૨

To,

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ    કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી    સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.

www.gujaratinformation.net    Phone No. : 079-232-53440

## ગુજરાત જાહેર સેવા આયોગ

**નીચે દર્શાવેલ જગ્યાઓ માટે અરજીફોર્મ છેલ્લી તારીખ : ૨૦-૦૩-૨૦૧૦ સુધીમાં આયોગમાં મળે તે રીતે મોકલવા જણાવવામાં આવે છે.**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગ્યાઓ પૈકી P.H. માટે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વર્ગ | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ. પ.વર્ગ | |
| [૧૪૭] | બાયોકેમીસ્ટ્રીના સહ પ્રાધ્યાપક, સા.રા.સે.,વર્ગ-૧ | ૦૧ | - | - | ૦૧ | - | - | - | - | - | - |
| [૧૪૮] | બાયોકેમીસ્ટ્રીના મદદનીશ પ્રાધ્યાપક, સા.રા.સે.,વર્ગ-૧ | ૦૯ | - | ૦૧ | ૦૩ | ૦૫ | - | - | ૦૧ | ૦૧ | - |
| [૧૪૯] | એનેસ્થેસ્યોલોજીના મદદનીશ પ્રાધ્યાપક, સા.રા.સે.,વર્ગ-૧ | ૧૭ | - | ૦૧ | ૦૬ | ૧૦ | - | - | ૦૨ | ૦૨ | ૦૧ |
| [૧૫૦] | ફીઝીયોલોજીના મદદનીશ પ્રાધ્યાપક, સા.રા.સે.,વર્ગ-૧ | ૦૪ | - | ૦૧ | ૦૩ | - | - | - | ૦૧ | - | - |
| [૧૫૧] | બાયોકેમીસ્ટ્રીના ટ્યુટર, સા.રા.સે.વર્ગ-૨ | ૧૧ | - | - | ૦૪ | ૦૭ | - | - | ૦૧ | ૦૨ | - |
| [૧૫૨] | ફાર્માકોલોજીના ટ્યુટર, સા.રા.સે.વર્ગ-૨ | ૧૫ | - | - | ૦૬ | ૦૯ | - | - | ૦૨ | ૦૨ | ૦૧ |
| [૧૫૩] | એનટોમીના ટ્યુટર, સા.રા.સે.વર્ગ-૨ | ૧૩ | - | ૦૩ | ૦૧ | ૦૯ | - | ૦૧ | - | ૦૨ | ૦૧ |

**ખાસ જા.ક્રમાંક:[૧૪૭] અને ખાસ જા.ક્રમાંક: [૧૪૮]** જરૂરી **લાયકાત :-** એમ.ડી.(બાયોકેમીસ્ટ્રી) / એમ.બી.બી.એસ. વીથ એમ.એસસી.(મેડીકલ બાયોકેમીસ્ટ્રી) / એમ.એસસી.(મેડીકલ બાયોકેમીસ્ટ્રી) વીથ પીએચ.ડી. (મેડીકલ બાયોકેમીસ્ટ્રી) / એમ.એસસી. (મેડીકલ બાયોકેમીસ્ટ્રી) વીથ ડી.એસસી.(મેડીકલ બાયોકેમીસ્ટ્રી) અથવા આઈ.એમ.સી. દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત. નોંધ:- તબીબી લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ નહિ થાય તો કુલ જગ્યાના ૩૦ ટકા અને વધુમાં વધુ ૫૦ ટકાની મર્યાદામાં બીન તબીબી લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરી શકાશે.

**ખાસ જા.ક્રમાંક: [૧૪૭]: અનુભવ:-** તબીબી શિક્ષણ માટેની માન્ય કોલેજ અથવા સંસ્થામાં બાયોકેમીસ્ટ્રીમાં મદદનીશ પ્રાધ્યાપક (લેકચરર) તરીકેનો ૦૫ (પાંચ) વર્ષનો અનુભવ. **ઈચ્છનીય :-** ઈન્ડેક્ષ મેડીકસ / રાષ્ટ્રીય જર્નલની સૂચિમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ચાર સંશોધન પ્રકાશનનો અનુભવ. પગાર:- રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ-પે રૂા.૬૬૦૦. **ઉંમર :-** ૪૦ વર્ષથી વધુ નહિ.

**ખાસ જા.ક્રમાંક:[૧૪૯] :- જરૂરી લાયકાત :-** એમ.ડી. (એનેસ્થેસ્યોલોજી)/એમ.એસ.(એનેસ્થેસ્યોલોજી) અથવા આઈ.એમ.સી. દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત.

**ખાસ જા.ક્રમાંક:[૧૫૦]જરૂરી લાયકાત :-** એમ.ડી. (ફીઝીયોલોજી) / એમ.બી.બી.એસ. વીથ એમ.એસસી.(ફીઝીયોલોજી)/ એમ.એસસી.(મેડીકલ ફીઝીયોલોજી) વીથ પીએચ.ડી. (મેડીકલ ફીઝીયોલોજી)/એમ.એસાસી.(મેડીકલ ફીઝીયોલોજી) વીથ ડી.એસસી.(મેડીકલ ફીઝીયોલોજી) અથવા આઈ.એમ.સી. દ્વારા માન્ય અન્ય સમકક્ષ લાયકાત. **નોંધ:-** તબીબી લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ નહિ થાય તો કુલ જગ્યાના ૩૦ ટકાની મર્યાદામાં બીન તબીબી લાયકાત ધરાવતા ઉમેદવારોની પસંદગી કરી શકાશે.

**ખાસ જા.ક્રમાંક:[૧૪૮]થી ખાસ જા.ક્રમાંક:[૧૫૦]: અનુભવ, પગાર અને ઉંમર:- અનુભવ:-**માન્ય તબીબી કોલેજમાં નિવાસી રજીસ્ટ્રાર / ડેમોન્સ્ટ્રેટર / ટ્યુટર તરીકેનો બાયોકેમીસ્ટ્રીમાં ત્રણ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ. પગાર:- રૂા.૧૫૬૦૦-૩૯૧૦૦ (પીબી-૩) ગ્રેડ-પે રૂા.૬૬૦૦. **ઉંમર:-** ૩૫ વર્ષાી વધુ નહિ.

**ખાસ જા.ક્રમાંક:[૧૫૧]થી [૧૫૩] :- જરૂરી લાયકાત, પગાર અને ઉંમર :- જરૂરી લાયકાત :-** એમ.બી.બી.એસ./એમ.એસસી.(મેડીકલ સંબંધિત વિષય)ની પદવી જે કાયદાકીય રીતે સ્થપાયેલ માન્ય યુનિ. માંથી મેળવેલ હોય અથવા આઈ.એમ.સી.એકટ-૧૯૫૬ સાથેના પહેલા અથવા બીજા પરિશિષ્ટમાં દર્શાવેલ અન્ય સમકક્ષ લાયકાત. સંશોધન કાર્ય ધરાવનારને નિમણૂકમાં યોગ્ય મહત્વ આપવામાં આવશે. **નોંધ:-** (૧) એમ.બી.બી.એસ.ની લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ નહીં થાય તો એમ.એસસી.(મેડીકલ સંબંધિત વિષય)ની લાયકાત ધરાવતા ઉમેદવારોની કુલ જગ્યાના ૩૦ ટકા (જા.ક્ર.૧૫૧ માટે ૫૦ ટકા) ની મર્યાદામાં પસંદગી કરી શકાશે. (૨) જા.ક્ર.૧૫૨ અને ૧૫૩ની P.H. અનામત જગ્યા માટે પાત્ર ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યા આગળ ખેંચવામાં આવશે. પગાર:- રૂા.૯૩૦૦-૩૪૮૦૦ (પીબી-૨) ગ્રેડ-પે રૂા.૫૪૦૦. **ઉંમર:-** ૩૦ વર્ષથી વધુ નહિ.

**નોંધ:-જા.ક્રમાંક:** ૧૪૭થી ૧૫૩ ની જગ્યાઓ માટે ખાનગી વ્યવસાય કરવા અને N.P.A. સંબંધમાં સરકારશ્રીની વખતોવખત નીતિ / જોગવાઈઓ તેઓને બંધન કર્તા રહેશે.

### સ્વરોજગાર ઇચ્છુક શિક્ષિત યુવાનો માટે વિવિધ પ્રોજેક્ટ પ્રોફાઇલ

ગુજરાત રોજગાર સમાચર સાપ્તાહિકમાં રાજ્યના શિક્ષિત બેરોજગાર યુવાનો રોજગાર લક્ષી જાહેરાતો નિયમિત પણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. પરંતુ ઘણા યુવાનો કંઇક નવું કરવાની વૃત્તિ ધરાવતા હોય છે. તેઓ પોતાનો આગવો માર્ગ કંડારી નવી મંઝિલ શોધવા ઇચ્છુક હોય છે. આવા સાહસિક અને જોશીલા યુવાનો સ્વયંનો વ્યવસાય શરૂ કરવા પ્રેરાય તે માટે રોજગાર સમાચારમાં ઉદ્યોગ વિભાગની સ્વરોજગાર યોજનાઓની લેખમાળા શરૂ થઇ છે. હવેના અંકથી તેમાં વિવિધ પ્રોજેક્ટ/લઘુ ઉદ્યોગ શરૂ કરવા જરૂરી અને મહત્વની પ્રોજેક્ટ પ્રોફાઇલ્સ નિયમિત રૂપે ક્રમશ : પ્રસિધ્ધ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પ્રોફાઇલ માત્ર નિર્દેશ માટે છે. તેથી પ્રોજેક્ટ પ્રોફાઇલ્સ વિશે જાણકારી મેળવી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, તાલુકા પંચાયત કચેરીના સંપર્કમાં રહી સ્વયંનો આગવો વ્યવસાય શરૂ કરો તેવી શુભેચ્છા.....

તંત્રી....

**નોંધ :-** પોલીટેકનીક કોલેજોના વ્યાખ્યાતાની કુલ ૧૩૩૮ જગ્યાઓ પૈકી ૪૦ જગ્યાઓ અને ડીગ્રી ઈજનેરી કોલેજોના વ્યાખ્યાતાની કુલ ૭૫૮ જગ્યાઓ પૈકી ૨૨ જગ્યાઓ P.H. ઉમેદવારો માટે અનામત છે.

**જા.ક્રમાંક:[૧૫૪] થી [૧૯૮] : શૈક્ષણિક લાયકાત:-** સંબંધિત વિદ્યાશાખા અથવા સંલગ્ન વિદ્યાશાખામાં પ્રથમ વર્ગની અનુસ્નાતકની પદવી અથવા સંબંધિત સંલગ્ન વિદ્યાશાખામાં પ્રથમ વર્ગની સ્નાતકની

**સરકારી પોલીટેકનીક / ઈજનેરી તથા ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાતા, વર્ગ-૨(જા.ક્ર.:૧૫૪ થી ૨૦૮)ની નીચે દર્શાવેલ જગ્યાઓ.**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | શૈક્ષણિક લાયકાત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅના. (સામાન્ય) | અનુ જાતિ | અજન જાતિ | સા.અને શૈ.પ. | બિન અના. (સામાન્ય) | અનુ જાતિ | અજન જાતિ | સા.અને શૈ.પ. | સંબધિત વિદ્યાશાખા | સંલગ્ન વિદ્યાશાખા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| [૧૫૪] | એપ્લાઈડ મીકેનીકસ | ૩૩ | ૧૭ | ૦૨ | ૦૫ | ૦૯ | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૩ | એપ્લાઈડ મીકેનીકસ | સિવિલ ઈજનેરી |
| [૧૫૫] | આર્કીટેકચરલ આસીસ્ટન્ટશીપ | ૧૬ | ૦૮ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૨ | - | ૦૧ | ૦૧ | આર્કીટેકચરલ એન્જી. | સિવિલ ઈજનેરી |
| [૧૫૬] | ઓટોમોબાઈલ એન્જી. ઓટામોબાઈલ | ૩૩ | ૧૭ | ૦૨ | ૦૫ | ૦૯ | ૦૫ | - | ૦૧ | ૦૩ | ઓટોમોબાઈલ ઈજનેરી | આઈ.સી.અને ઈલેકટીવ સાથે મીકેનીકલ ઈજનેરી |
| [૧૫૭] | સિવિલ એન્જી. | ૧૫૫ | ૭૯ | ૧૧ | ૨૩ | ૪૨ | ૨૪ | ૦૩ | ૦૭ | ૧૩ | સિવિલ ઈજનેરી | કન્સ્ટ્રકશન મેનેજમેન્ટ / કન્સ્ટ્રકશન ટેકનોલોજી / સ્ટ્રકચરલ ઈજનેરી |
| [૧૫૮] | કોમ્પ્યુટર એન્જી. | ૧૪૮ | ૭૬ | ૧૦ | ૨૨ | ૪૦ | ૨૩ | ૦૩ | ૦૭ | ૧૨ | કોમ્પ્યુટર ઈજનેરી | ઈલેકટ્રો.ઈજનેરી/ઈલેકટ્રો. એન્ડ કોમ્પ્યુ.ઈજનેરી/ઈલેકટ્રો. એન્ડ ટેલીકોમ્યુનિકેશન ઈજનેરી |
| [૧૫૯] | ઈલેકટ્રીકલ એન્જી. | ૨૩૮ | ૧૨૧ | ૧૭ | ૩૬ | ૬૪ | ૩૬ | ૦૫ | ૧૧ | ૧૯ | ઈલેકટ્રીકલ ઈજનેરી | - |
| [૧૬૦] | ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્પ્યુ.ઈજનેરી | ૧૨૨ | ૬૨ | ૦૯ | ૧૮ | ૩૩ | ૧૯ | ૦૩ | ૦૫ | ૧૦ | ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્પ્યુ.ઈજનેરી | ઈલેકટ્રોનીકસ ઈજનેરી |
| [૧૬૧] | ઈન્ફર્મેશન ટેકનોલોજી | ૭૭ | ૩૯ | ૦૫ | ૧૨ | ૨૧ | ૧૨ | ૦૨ | ૦૩ | ૦૬ | ઈન્ફર્મેશન ટેકનોલોજી | કોમ્પ્યુટર ઈજનેરી / ટેકનોલોજી અથવા ઈલેકટ્રો. ઈજનેરી અથવા ઈલેકટ્રો. એન્ડ કોમ્પ્યુ. ઈજનેરી. |
| [૧૬૨] | ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ એન્જી. | ૩૨ | ૧૬ | ૦૨ | ૦૫ | ૦૯ | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૩ | ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ ઈજેનરી | ઈન્સ્ટ્રુમે.ઈજનેરી / બાયો મેડીકલ કંટ્રોલ એન્જી. એન્ડ ઈન્સ્ટ્રુ.ઈજનેરી / ઈન્સ્ટ્રુ. એન્ડ મેજરમેન્ટ ઈજ./ઈલેકટ્રો.ઈજનેરી/ ઈલેકટ્રો.એન્ડ કોમ્પ્યુ. ઈજનેરી |
| [૧૬૩] | મીકેનીકલ એન્જી. | ૨૬૫ | ૧૩૪ | ૧૯ | ૪૦ | ૭૨ | ૪૧ | ૦૬ | ૧૨ | ૨૧ | મીકેનીકલ ઈજનેરી | પ્રોડકશન ઈજનેરી |
| [૧૬૪] | મેટલર્જી એન્જી. | ૧૧ | ૦૬ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૨ | - | - | ૦૧ | મેટલર્જી ઈજનેરી | - |
| [૧૬૫] | કેમીકલ એન્જી. | ૩૫ | ૧૯ | ૦૨ | ૦૫ | ૦૯ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૩ | કેમીકલ ઈજનેરી | - |

→

**→ સરકારી પોલીટેકનીક / ઈજનેરી તથા ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાતા, વર્ગ-૨(જા.ક્ર.:૧૫૪ થી ૨૦૮)ની નીચે દર્શાવેલ જગ્યાઓ.**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | શૈક્ષણિક લાયકાત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅના. (સામાન્ય) | અનુ જાતિ | અજન જાતિ | સા.અને શૈ.પ. | બિન અના. (સામાન્ય) | અનુ જાતિ | અજન જાતિ | સા.અને શૈ.પ. | સંબધિત વિદ્યાશાખા | સંલગ્ન વિદ્યાશાખા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| [૧૬૬] | બાયોમેડીકલ એન્જી. | ૨૪ | ૧૨ | ૦૨ | ૦૪ | ૦૬ | ૦૪ | - | ૦૧ | ૦૨ | બાયોમેડીકલ એન્જી. | ઈન્સ્ટ્રુ.એન્ડ કંટ્રોલ એન્જી. / ઈલેક્ટ્રો.એન્ડ કોમ્યુ.એન્જી./ ઈન્સ્ટ્રુ.એન્જી. /ઈલેક્ટ્રોનીક્સ એન્જી. |
| [૧૬૭] | ટેક્ષટાઈલ ડીઝાઈન | ૦૫ | ૦૪ | - | - | ૦૧ | ૦૧ | - | - | - | ટેક્ષટાઈલ ડીઝાઈન | ટેક્ષટાઈલ ટેકનોલોજી |
| [૧૬૮] | માઈનીંગ એન્જી. | ૦૭ | ૦૪ | - | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | - | માઈનીંગ ઈજનેરી | - |
| [૧૬૯] | પર્યાવરણ એન્જી. | ૦૭ | ૦૪ | - | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | - | એન્વાયરમેન્ટ ઈજનેરી | - |
| [૧૭૦] | પ્રિન્ટીંગ ટેકનોલોજી | ૦૩ | ૦૧ | - | ૦૧ | ૦૧ | - | - | - | - | પ્રિન્ટીંગ ટેકનોલોજી | - |
| [૧૭૧] | ટ્રાન્સપોર્ટેશન એન્જી. | ૦૬ | ૦૫ | - | - | ૦૧ | ૦૨ | - | - | - | ટ્રાન્સ્પોર્ટેશન એન્જી. | - |
| [૧૭૨] | ટેક્ષટાઈલ ટેકનોલોજી | ૧૩ | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૨ | - | - | ૦૧ | ટેક્ષટાઈલ ટેકનોલોજી | ટેક્ષટાઈલ પ્રોસેસીંગ |
| [૧૭૩] | પ્લાસ્ટીક એન્જી. | ૧૩ | ૦૭ | - | ૦૨ | ૦૪ | ૦૨ | - | - | ૦૧ | પ્લાસ્ટીક ટેકનોલોજી | પ્લાસ્ટીક એન્જીનીયરીંગ |
| [૧૭૪] | સીરામિક ટેકનોલોજી | ૦૫ | ૦૩ | - | ૦૧ | ૦૧ | - | - | - | - | સીરામીક ટેકનોલોજી | સીરામીક એન્જી./ કેમીકલ એન્જી. / ટેકનોલોજી |
| [૧૭૫] | પાવર ઈલેક્ટ્રોનિક્સ | ૦૨ | ૦૨ | - | - | - | - | - | - | - | પાવર ઈલેક્ટ્રોનિક્સ | ઈલેક્ટ્રો.એન્જી. અથવા ઈલેક્ટ્રો. અને કોમ્યુનિ. એન્જી. અથવા ઈન્ડસ્ટ્રીયલ ઈલેક્ટ્રો. એન્જી. |
| [૧૭૬] | ટેક્ષટાઈલ પ્રોસેસીંગ/ કેમીસ્ટ્રી | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - | ટેક્ષટાઈલ કેમીસ્ટ્રી | - |
| [૧૭૭] | ફેબ્રીકેશન ટેકનોલોજી | ૦૨ | ૦૨ | - | - | - | - | - | - | - | ફેબ્રીકેશન ટેકનોલોજી | મીકેની.એન્જી./પ્રોડક.એન્જી. |
| **જા.ક્રમાંક : [ ૧૭૮ ] થી [ ૧૯૮ ]સરકારી ઈજનેરી કોલેજ ખાતે નીચે જણાવેલ વિષયોના વ્યાખ્યાતા, વર્ગ-૨** | | | | | | | | | | | | |
| [૧૭૮] | એપ્લાઈડ મીકેનીક્સ | ૫૨ | ૨૬ | ૦૪ | ૦૮ | ૧૪ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૪ | ઉપર જા.ક્ર.:[૧૫૪] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૫૪] મુજબ |
| [૧૭૯] | ઓટોમોબાઈલ એન્જી. | ૦૭ | ૦૪ | - | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | - | ઉપર જા.ક્ર.:[૧૫૬] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૫૬] મુજબ |
| [૧૮૦] | સિવિલ એન્જી. | ૬૮ | ૩૪ | ૦૫ | ૧૧ | ૧૮ | ૧૦ | ૦૧ | ૦૩ | ૦૫ | ઉપર જા.ક્ર.:[૧૫૭] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૫૭] મુજબ |
| [૧૮૧] | કોમ્પ્યુટર એન્જી. | ૪૨ | ૨૨ | ૦૩ | ૦૬ | ૧૧ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૩ | ઉપર જા.ક્ર.:[૧૫૮] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૫૮] મુજબ |
| [૧૮૨] | ઈલેક્ટ્રીકલ એન્જી. | ૭૬ | ૩૯ | ૦૫ | ૧૧ | ૨૧ | ૧૨ | ૦૨ | ૦૩ | ૦૬ | ઉપર જા.ક્ર.:[૧૫૯] મુજબ | - |
| [૧૮૩] | ઈલેક્ટ્રો.અને કોમ્યુનિકેશન એન્જી. | ૭૯ | ૪૦ | ૦૬ | ૧૨ | ૨૧ | ૧૨ | ૦૨ | ૦૪ | ૦૬ | ઉપર જા.ક્ર.:[૧૬૦] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૬૦] મુજબ |
| [૧૮૪] | ઈન્ફરમેશન ટેકનોલોજી | ૨૨ | ૧૧ | ૦૨ | ૦૩ | ૦૬ | ૦૩ | - | ૦૧ | ૦૨ | ઉપર જા.ક્ર.:[૧૬૧] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૬૧] મુજબ |
| [૧૮૫] | ઈન્સ્ટ્રુ.અને કંટ્રોલ | ૨૨ | ૧૧ | ૦૨ | ૦૩ | ૦૬ | ૦૩ | - | ૦૧ | ૦૨ | ઉપર જા.ક્ર.:[૧૬૨] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૬૨ મુજબ |
| [૧૮૬] | મીકેનીકલ એન્જી. | ૧૪૮ | ૭૬ | ૧૦ | ૨૨ | ૪૦ | ૨૪ | ૦૩ | ૦૭ | ૧૨ | ઉપર જા.ક્ર.:[૧૬૩] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૬૩] મુજબ |
| [૧૮૭] | મેટલર્જી એન્જી. | ૦૫ | ૦૩ | - | ૦૧ | ૦૧ | ૦૧ | - | - | - | ઉપર જા.ક્ર.:[૧૬૪] મુજબ | - |
| [૧૮૮] | કેમીકલ એન્જી. | ૧૯ | ૧૦ | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૩ | - | ૦૧ | ૦૧ | ઉપર જા.ક્ર.:[૧૬૫] મુજબ | - |
| [૧૮૯] | બાયોમેડીકલ એન્જી. | ૧૪ | ૦૭ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૨ | - | - | ૦૧ | ઉપર જા.ક્ર.:[૧૬૬] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૬૬] મુજબ |
| [૧૯૦] | માઈનીંગ એન્જી. | ૦૮ | ૦૫ | - | ૦૧ | ૦૨ | ૦૨ | - | - | — | ઉપર જા.ક્ર.:[૧૬૮] મુજબ | - |
| [૧૯૧] | પર્યાવરણ એન્જી. | ૦૪ | ૦૨ | - | ૦૧ | ૦૧ | ૦૧ | - | - | -- | ઉપર જા.ક્ર.:[૧૬૯] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૬૯] મુજબ |
| [૧૯૨] | ટેક્ષટાઈલ ટેકનોલોજી | ૦૩ | ૦૨ | - | - | ૦૧ | - | - | - | — | ઉપર જા.ક્ર.:[૧૭૨] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૭૨] મુજબ |
| [૧૯૩] | પ્લાસ્ટીક એન્જી. | ૦૨ | ૦૧ | - | - | ૦૧ | - | - | - | -- | ઉપર જા.ક્ર.:[૧૭૩] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૭૩] મુજબ |
| [૧૯૪] | પ્રોડકશન એન્જી. | ૧૧ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૨ | - | - | - | પ્રોડકશન એન્જી. | મીકેનીકલ એન્જી./ ઈન્ડસ્ટ્રીયલ એન્જી. |
| [૧૯૫] | પાવર ઈલેક્ટ્રોનિક્સ | ૦૪ | ૦૨ | - | ૦૧ | ૦૧ | ૦૧ | - | - | - | ઉપર જા.ક્ર.:[૧૭૫] મુજબ | ઉપર જા.ક્ર.:[૧૭૫] મુજબ |
| [૧૯૬] | મરીન એન્જી. | ૦૨ | ૦૨ | - | - | - | - | - | - | — | મરીન એન્જી. | - |
| [૧૯૭] | ઈન્ડસ્ટ્રીયલ એન્જી. | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | — | ઈન્ડસ્ટ્રીયલ એન્જી. | મીકેનીકલ એન્જી. |
| [૧૯૮] | રબર ટેકનોલોજી | ૦૨ | ૦૨ | - | - | - | - | - | - | — | રબર એન્જીનીયરીંગ | બી.એસસી. ટેકનોલોજી- પોલીમર એન્જી./ કેમીકલ એન્જી. |
| **જા.ક્રમાંક [ ૧૯૯ ] થી [ ૨૦૨ ]સરકારી પોલીટેકનીક ખાતે નીચે જણાવેલ વિષયોના વ્યાખ્યાતા, વર્ગ-૨** | | | | | | | | | | | | |
| [૧૯૯] | રસાયણશાત્ર | ૧૫ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૨ | - | - | ૦૧ | માન્ય યુનિ.ની રસાયણશાસ્ત્ર વિષયમાં પ્રથમ વર્ગની અનુસ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત. | |
| [૨૦૦] | અંગ્રેજી | ૧૫ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૨ | - | - | ૦૧ | માન્ય યુનિ.ની અંગ્રેજી વિષયમાં પ્રથમ વર્ગની અનુસ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત. | |
| [૨૦૧] | ભૌતિકશાત્ર | ૨૭ | ૧૪ | ૦૨ | ૦૪ | ૦૭ | ૦૪ | - | ૦૧ | ૦૨ | માન્ય યુનિ.ની ફીઝીક્સ વિષયમાં પ્રથમ વર્ગની અનુસ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત. | |
| [૨૦૨] | ગણિતશાત્ર | ૨૮ | ૧૪ | ૦૨ | ૦૪ | ૦૮ | ૦૪ | - | ૦૧ | ૦૨ | માન્ય યુનિ.ની ગણિતશાસ્ત્રમાં પ્રથમ વર્ગની અનુસ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત. | |
| **જા.ક્રમાંક[ ૨૦૩ ] થી [ ૨૦૬ ]સરકારી ઈજનેરી કોલેજ ખાતે નીચે જણાવેલ વિષયોના વ્યાખ્યાતા, વર્ગ-૨** | | | | | | | | | | | | |
| [૨૦૩] | રસાયણશાસ્ત્ર | ૧૦ | ૦૬ | - | ૦૧ | ૦૩ | ૦૨ | - | - | ૦૧ | ઉપર જા.ક્ર.:[૧૯૯] મુજબ | |
| [૨૦૪] | અંગ્રેજી | ૩૫ | ૧૮ | ૦૨ | ૦૫ | ૧૦ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૩ | ઉપર જા.ક્ર.:[૨૦૦] મુજબ | |
| [૨૦૫] | ભૌતિકશાસ્ત્ર | ૩૮ | ૧૯ | ૦૩ | ૦૬ | ૧૦ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૩ | ઉપર જા.ક્ર.:[૨૦૧] મુજબે | |
| [૨૦૬] | ગણિતશાસ્ત્ર | ૮૪ | ૪૨ | ૦૬ | ૧૩ | ૨૩ | ૧૨ | ૦૨ | ૦૪ | ૦૭ | ઉપર જા.ક્ર.:[૨૦૨] મુજબ | |
| **જા.ક્રમાંક[ ૨૦૭ ] સરકારી ફાર્મસી કોલેજો (ડિપ્લોમા)ખાતે ફાર્મસીના વ્યાખ્યાતા, વર્ગ-૨** | | | | | | | | | | | | |
| [૨૦૭] | ફાર્મસી | ૦૪ | ૦૪ | - | - | - | ૦૧ | - | - | - | માન્ય યુનિ.ની ફાર્મસીમાં પ્રથમ વર્ગની અનુસ્નાતકની પદવી આંવા તેની સમકક્ષ લાયકાત. | |
| **જા.ક્રમાંક[ ૨૦૮ ] સરકારી ફાર્મસી કોલેજો (ડીગ્રી)ખાતે ફાર્મસીના વ્યાખ્યાતા, વર્ગ-૨** | | | | | | | | | | | | |
| [૨૦૮] | ફાર્મસી | ૧૩ | ૦૯ | - | ૦૧ | ૦૩ | ૦૩ | - | - | - | માન્ય યુનિ.ની ફાર્મસીમાં પ્રથમ વર્ગની અનુસ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ લાયકાત. | |

પદવી અને માન્ય (VALID) GATE (ગ્રેજ્યુએટ એપ્ટીટયુડ ટેસ્ટ ઈન એન્જીનીયરીંગ) માં લઘુત્તમ ૭૫ Percentile ગુણ સાથેની લાયકાત ધરાવતા હોવા જોઈએ. આવા ઉમેદવારે નિમણૂકની તારીખાી પાંચ વર્ષમાં સંબંધિત વિદ્યાશાખામાં અનુસ્નાતક પદવી મેળવી લેવાની રહેશે. જો નિયત સમય મર્યાદામાં અનુસ્નાતક પદવી મેળવવામાં નિષ્ફળ જશે તો તેના ઈજાફા તે આવી પદવી મેળવે ત્યાં સુધી બંધ કરવામાં આવશે.

**નોંધ :-** (૧) GATEના પ્રમાણપત્રમાંનો સ્કોર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ VALID હશે તો જ આ પ્રમાણપત્ર માન્ય ગણાશે. (૨) ઉપરોક્ત કોલમ-૧૨ મુજબ જો સંબંધિત વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ નહી થાય તો કોલમ-૧૩ મુજબની સંલગ્ન વિદ્યાશાખાની લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી વિચારણામાં લેવામાં આવશે. (૩) જગ્યાના સંદર્ભમાં આશરે ત્રણ ગણા ઉમેદવારો સંબંધિત વિદ્યાશાખાની રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. જો આશરે ત્રણ ગણાં ઉમેદવાર સંબંધિત વિદ્યા શાખામાં મળશે તો, સંલગ્ન વિદ્યાશાખાની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિ. જો સંબંધિત વિદ્યાશાખાના આશરે ત્રણ ગણા ઉમેદવારો રૂબરૂ મુલાકાતને પાત્ર નહિ થાય, તો ખૂટતા ઉમેદવારો માટે સંલગ્ન વિદ્યાશાખાની લાયકાત ધરાવનારની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે અને આ સંખ્યા નકકી કરવા માટે સંલગ્ન વિદ્યાશાખાના ઉમેદવારો માટે નીચેના ધોરણો અનુસરવામાં આવશે. (ક) પ્રથમ પીએચ.ડી. અને ત્યારબાદ એમ.ઈ.(પ્રથમ વર્ગ ડીસ્ટીંકશન સાથે) અને એમ.ઈ.(પ્રથમ વર્ગ) ની લાયકાત ધ્યાનમાં લેવાશે. આ માટે ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરવા માટે તેમને સંલગ્ન લાયકાત મેળવેલ ટકાવારી / ગુણ ધ્યાને લેવામાં આવશે. (ખ) બીજા તબકકામાં એમ.ઈ.ની લાયકાતમાં ઉમેદવારે મેળવેલ ટકાવારી / ગુણ ધ્યાને લેવામાં આવશે. અને (ગ) ત્રીજા તબકકામાં બી.ઈ.ની લાયકાતમાં ઉમેદવારે મેળવેલ ટકાવારી / ગુણ ધ્યાનમાં લેવાશે. (૪) જો જગ્યાના સંદર્ભમાં આશરે ત્રણ ગણાથી વધુ ઉમેદવાર સંબંધિત વિદ્યાશાખામાં રૂબરૂ મુલાકાતને પાત્ર થશે તો પ્રાથમિક કસોટી યોજવામાં આવશે અને તેમાં સંલગ્ન વિદ્યશાખાની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિ.

**જા.ક્રમાંકઃ [ ૧૫૪ ] થી [ ૨૦૮ ]:** સામાન્ય લાયકાત, પગાર અને **ઉંમર : સામાન્ય લાયકાત :-** ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ. પગાર : રૂા. ૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ-પે રૂા.૫૪૦૦) **ઉંમર :** ૩૫ વર્ષથી વધુ નહિ.

**જાહેરાતની સામાન્ય જોગવાઈ ( ખાસ જા.ક્રમાંકઃ ૧૪૭ થી ૧૫૩ અને જા.ક્રમાંકઃ૧૫૪ થી ૨૦૮) / વર્ષ : ૨૦૦૯-૨૦૧૦ )**

**[ ૧ ] નાગરિકત્વઃ** ઉમેદવાર, (ક) ભારતનો નાગરિક, અથવા (ખ) નેપાળનો પ્રજાજન, અથવા (ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા (ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧ લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલ હોવો જોઈએ, અથવા (ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા, (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુકત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઈથોપીયા અથવા વિયેટનામાંથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંકઃ (ખ), (ગ), (ઘ) અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

**નોંધઃ-** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

**[ ૨ ] અરજી પત્રકઃ** (ક) અરજી પત્રક ફી :- બિનઅનામત પુરૂષ / મહિલા ઉમેદવારો માટે અરજી ફીની કિંમત રૂા.૫૦/- છે. અનામત વર્ગોના ઉમેદવારો તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી ફી ભરવાની નથી. (ખ) અરજી પત્રક મેળવવાની જોગવાઈ:- અરજી પત્રક (૧) ટપાલ દ્વારા (૨) આયોગની કચેરીના કાઉન્ટર ઉપરાંત (૩) આયોગની વેબસાઈટ ઉપરથી મળી શકશે તેમજ (૪) આયોગે નિયત કરેલ અરજી પત્રકની ફોટોકોપીનો ઉપયોગ થઈ શકશે. ૧ઃ ટપાલ દ્વારા અરજી પત્રક મેળવવા :- બિન અનામત પુરૂષ / મહિલા ઉમેદવાર ટપાલ દ્વારા જગ્યાનું નામ અને જાહેરાત ક્રમાંક દર્શાવતી અરજી સાથે સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગના નામનો રૂા.૫૦/- નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર (ભારતીય પોસ્ટલ ઓર્ડરની પાછળ નામ, સરનામું, જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ દર્શાવીને) અને પોતાના સરનામાવાળું ૨૭ x ૧૨ સે.મી. ની રૂા.૧૦/- નું ટિકિટ લગાડેલ પરબીડિયું ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, પહેલો માળ, લાલ દરવાજા, અમદાવાદને મોકલવાથી અરજી પત્રક મેળવી શકાશે. અનામત વર્ગોના ઉમેદવાર જાતિના પ્રમાણપત્રની નકલ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો તબીબી પ્રમાણપત્રની નકલ સાથે ઉપરની વિગતો તથા ટિકિટ લગાડેલ પરબીડિયું (અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- મોકલવાની રહેતી નથી) મોકલાવી ટપાલથી અરજી પત્રક મેળવી શકશે. ૨ઃ આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક મેળવવા :- આયોગની કચેરીના કાઉન્ટર ઉપરથી અરજી પત્રક કામકાજના દિવસો દરમ્યાન ૧૧ થી ૨ તથા ૩ થી ૫ સુધી મળશે. બિનઅનામત વર્ગના પુરૂષ / મહિલા ઉમેદવારો અરજી પત્રકની કિંમત રૂા.૫૦/- રોકડમાં ચૂકવીને અરજી પત્રક મેળવી શકશે. જયારે અનામત વર્ગના અને શારીરિક વિકલાંગતા ધરાવતા →

→ ઉમેદવારો જાતિ પ્રમાણપત્ર / શારીરિક વિકલાંગતાના પ્રમાણપત્રની નકલ રજૂ કરીને વિના મૂલ્યે અરજી પત્રક મેળવી શકશે. ૩: વેબસાઈટ :- આયોગની વેબસાઈટ **"www.gpsc.gujarat.gov.in"** ઉપરથી ઉમેદવાર સીધી ભરતી માટેનું અરજી પત્રક ડાઉનલોડ કરીને ઉપયોગમાં લઈ શકશે. આવું અરજી પત્રક ઉપયોગમાં લેવાય ત્યારે ઉમેદવારે અરજી પત્રક પરના જમના ખૂણા પર ડાઉનલોડ કરેલ અરજી પત્રક તેમ દર્શાવવાનું રહેશે. ડાઉનલોડ કરેલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧ થી ૪) સહિત સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવાના રહેશે. ૪: અરજી પત્રકની ફોટોકોપી ઉપયોગમાં લેવી:- સીધી ભરતી માટેનું અરજી પત્રકની સંપૂર્ણ ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લઈ શકશે અને જ્યારે ફોટોકોપી ઉમેદવાર ઉપયોગમાં લે ત્યારે ઉમેદવારે અરજી પત્રક પર જમણા ખૂણા પર ફોટોકોપી તેમ દર્શાવવાનું રહેશે.

[૩] **ભરેલા અરજી પત્રક:-** (૧) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઉમેદવારના અરજી પત્રકો આયોગની કચેરીમાં મળે તે રીતે ઉમેદવારે મોકલવાના રહેશે. (૨) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો આયોગની કચેરીના કાઉન્ટર પર કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૧થી ૨ અને બપોરના ૩ થી ૫ દરમ્યાન જમા કરાવી શકશે. (૩) ઉમેદવાર ભરેલા અરજી પત્રકો સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,બી-બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ના સરનામે ટપાલથી પણ મોકલી શકશે. (૪) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદ કોઈપણ રીતે મળેલા અરજી પત્રકો સ્વીકારવામાં આવશે નહિ. (૫) બિન અનામત ઉમેદવારે આયોગની કચેરીમાંથી અરજી પત્રક મેળવેલ હોય તો અરજી સાથે રૂા.૧૦૦/- અને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ હોય કે ફોટોકોપીવાળું અરજી પત્રક મેળવેલ હોય તો અરજી પત્રક સાથે રૂા.૧૫૦-ની ફી ભરવાની છે. આવી ફી રોકડમાં કાઉન્ટર પર સ્વીકારવામાં આવે છે અથવા ભારતીય પોસ્ટલ ઓર્ડર મારફત ભરી શકાશે અને ઉમેદવારે નિયત ફીથી વધુ રકમનો ભારતીય પોસ્ટલ ઓર્ડર મોકલેલ હશે તો વધારાની રકમ પરત કરવામાં આવશે નહિ અને તે જમા લેવામાં આવશે. (૬) ઓછી અરજી ફી અથવા અરજી ફી વગરની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૭) ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાતની તારીખ બાદનો ખરીદેલો હોવો જોઈએ. (૮) અરજી ફી પેટે મનીઓર્ડર, બેન્ક ડ્રાફ્ટ અથવા ચેક સ્વીકારવામાં આવશે નહિ. અરજી ફી જાહેરાત રદ કરવામાં આવે તે સિવાયના કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.(૯) ભારત બહારથી અરજી કરતા ઉમેદવારે નિયત ફી ભારતના હાઈકમિશ્નર અથવા ભારતીય રાજદૂત અથવા ભારત સરકારના પ્રતિનિધિની કચેરીમાં જમા કરાવવી તથા આવા ચૂકવણાની મૂળ પહોંચ અરજી પત્ર સાથે જોડવી. (૧૦) જો એક કરતા વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે. (૧૧) એક જ જાહેરાત માટે એક જ અરજી કરી શકાશે. એક જાહેરાત માટે જો એકથી વધુ અરજી કરેલ હશે તો તે વિચારણામાં લેવામાં આવશે નહિ. (૧૨) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને બિનઅનામત માટેના ધોરણો લાગુ પડશે. (૧૩) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહિ. (૧૪) અરજી ફી વગરની અરજીની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહિ.(૧૫) અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. (૧૬) ઉમેદવારો દ્વારા અરજીપત્રક / પરીશિષ્ટમાં આપવામાં આવેલ વિગતોમાં વિસંગતતા જણાશે તો અરજીપત્રકમાં આપવામાં આવેલ વિગત જ ધ્યાનમાં લેવામાં આવશે.

[૪] **વયમર્યાદા:-** (૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) ઉપરની જાહેરાતમાં વયમર્યાદા આપવામાં આવેલ છે. વયમર્યાદામાં છૂટછાટ નીચે મુજબ મળવાપાત્ર છે. ૧. અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ.વર્ગ -પાંચ વર્ષ, ૨. બિન અનામત મહિલા ઉમેદવાર -પાંચ વર્ષ, ૩. અનામત વર્ગના મહિલા ઉમેદવાર -૧૦ વર્ષ, ૪. માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ. એસ. સી. ઓ. સહિત -લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ, ૫. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો કે જેઓ આ જગ્યાની ફરજો સામાન્ય માણસોની જેમ બજાવવા શક્તિમાન હોય, તેઓને તા.૧-૧૨-૨૦૦૮ના સા.વ.વિ.ના પરિપત્રથી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડેન્ટ / સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ મળશે. જેવા કે,

**(ફક્ત ખાસ જા.ક્રમાંક:[૧૪૭] થી [૧૫૩]** માટે BL (Both legs affected but not arms) અથવા O.L. (One leg affected) ની શારીરિક વિકલાંગતા ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ધરાવતા હોય અને આવા ઉમેદવારના ઉપરના બંને અવયવો (Both upper limbs) સંપૂર્ણ પણે નોર્મલ હોય તથા દ્રષ્ટિ અને શ્રવણશક્તિ નોર્મલ હોય અને આવા ઉમેદવાર ઘોડીની મદદ વગર ચાલી શકતા હોય તેવા ઉમેદવારો. આ સિવાય અન્ય શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારને છૂટછાટ મળવા પાત્ર નથી.) ૬. ગુજરાત સરકારના કર્મચારીઓ કે જેઓ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસ સુધી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ:- ૧ : જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૨: જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઈજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાંની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any such post) માટે ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ. ૩: જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે પૈકી જે ઓછું હોય તે મળશે. ૭. વિશિષ્ટ રીતે સારી લાયકાત અને અથવા અનુભવ ધરાવતા ઉમેદવારોને આયોગને વિવેકાધીન છૂટછાટ મળવાપાત્ર છે. (૩) આયોગ જન્મતારીખના પૂરાવા માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ.એસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પૂરાવાઓના આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ......... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

[૫] **શૈક્ષણિક લાયકાત:-** (૧) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ના રોજ ધરાવતા હોવા જોઈએ. (૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. (૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી / સંસ્થાના ગુણ પત્રક / પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શાળા / કોલેજના આચાર્યશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. (૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકક દાવો સ્વીકારવામાં આવશે નહિ. (૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકક-દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

[૬] **અનુભવ:-** (૧) અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. (૨) (અ) જાહેરાતમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (બ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં ગણવામાં આવશે. (૩) ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ). મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર / મેળવેલ અનુભવની વિગતો સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનુ રજૂ કરવાનું રહેશે. (૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રમાં પાછળથી કોઈ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. (૫) અંશ:કાલીન, રોજંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવશે નહિ.

[૭] **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ:-** (૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીના જે ઉમેદવાર હોય તેઓએ અરજી પત્રક અને પરિશિષ્ટમાં તેની વિગતો અચૂક દર્શાવવી. (૩) આવા ઉમેદવારે અરજી પત્રક તથા પરીશિષ્ટની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહિ હોય તો પાછળથી અનામત ઉમેદવાર તરીકેનો લાભ મેળવવાનો દાવો માન્ય રાખવામાં આવશે નહિ. (૪) અનામત વર્ગ તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અવશ્ય સામેલ કરવાની રહેશે. અરજી પત્રક સાથે પ્રમાણપત્રની નકલ સામેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ અને અરજી પત્રક રદ થવાને પાત્ર બનશે. (૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે. (૬) (૧) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬-૦૨-૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-(ક)ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. (૨) પરિણીત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે. (૩) અરજી સાથે પરિશિષ્ટ-ક ને બદલે એનેક્ચર-એ (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ અરજી રદ કરવામાં આવશે. (૪) આ પ્રમાણપત્ર તા.૦૧-૦૪-૨૦૦૯ બાદ મેળવેલ હોવું જોઈએ. (૫) જો ઉમેદવારે આ પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને બિનઅનામત જગ્યા માટે પણ વિચારણામાં લેવાશે નહિ.(૭) અનામત વર્ગના ઉમેદવારોએ અરજી પત્રકમાં અનામત કક્ષાની અથવા બિનઅનામત (સામાન્ય) જગ્યા સામે ઉમેદવારી નોંધાવો છો ? તેની વિગતો સ્પષ્ટપણે અરજી પત્રકમાં સંબંધિત કોલમમાં દર્શાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં ખાનું ખાલી ન રાખવું કે ટપકા કરવા નહિ તે જોવાનું રહેશે. (૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણે (અર્થાત મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે. આ જોગવાઈને વિચાણામાં લઈને અરજી પત્રકમાં વિગત આપવાની રહેશે. (૯) અનુસૂચિત જાતિના ઉમેદવારે અરજી પત્રકમાં પોતાનો ધર્મ અવશ્ય દર્શાવવાનો રહેશે. જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, શારીરિક વિકલાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એકથી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

[૮] **માજી સૈનિક:-** (૧) માજી સૈનિક અને શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજી પત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. [૯] શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો:- (ક) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજી પત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (ખ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે ૧: અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ ૨: શ્રવણની ખામી ૩: હલન-ચલન વિકલાંગતા અથવા મગજનો લકવો તે પૈકીની) કઈ શારીરિક વિકલાંગતા છે તે દર્શાવવું. (ગ) જાહેરાતમાં શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે. (ઘ) શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સરકારી હોસ્પિટલ / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં આવેલ નહિ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહિ. શારીરિક વિકલાંગતા માટેનો લાભ મળવાપાત્ર થશે નહિ.

[૧૦] **મહિલા ઉમેદવાર :-** મહિલાઓ માટે અનામત જગ્યાઓ માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તેની જગ્યા તે કક્ષાના (category) પુરૂષ ઉમેદવારોને ફાળવી શકાશે.

[૧૧] **વિધવા ઉમેદવાર:-** (૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે 'હા' અવશ્ય લખવું અન્યથા લાગુ પડતુ નથી એમ દર્શાવવું. (૨) વિધવા ઉમેદવારે પુનઃલગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે 'હા' અચૂક લખવું અન્યં લાગુ પડતું નંી એમ લખવું. (૩) વિધવા ઉમેદવારે જો પુનઃલગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઈચ્છતા હોય તો અરજી સાથે પુનઃલગ્ન કરેલ નથી તેવી એફીડેવીટ રજૂ કરવાની રહેશે. (૪) વિધવા ઉમેદવારને સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલા ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

[૧૨] **ના-વાંધા પ્રમાણપત્ર :-** (૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોકતા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહિ આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે. (૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઈપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

[૧૩] **ગેરલાયક ઉમેદવાર :-** ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધસરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવાયો હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

[૧૪] **ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ, બરતરફ :-** અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તકની કંપની કે બોર્ડ, કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલા હોય તો અરજી પત્રમાં તેની વિગત આપવાની રહેશે.

[૧૫] **રજીસ્ટ્રેશન :-** તબીબી / દંત વિજ્ઞાન / પશુ ચિકિત્સા / કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જ્યાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને અરજી સમય રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

[૧૬] **સામાન્ય :-** (૧) ઉમેદવારે આપવાની થતી માહિતી ખોટી આપી હશે અને / અથવા અરજી પત્રકમાં જરૂરી માહિતી / વિગતો છૂપાવવાનો પ્રયાસ કરેલ હશે અને / અથવા આયોગને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હશે અને તે ધ્યાન ઉપર આવશે તો પ્રાથમિક કસોટી, રૂબરૂ મુલાકાત, નિમણૂક વગેરે તમામ માટે ગેરલાયક ઠરશે. વધુમાં, આવા

→

→ ઉમેદવારને આયોગ ભવિષ્ય માટે ગેરલાયક ઠરાવી શકશે અને જો ઉમેદવાર રાજ્ય સરકારની સેવામાં હશે તો તેમની સામે ખાતાકીય પગલાં લેવામાં આવશે. (૨) સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવવા પ્રયત્ન કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

[૧૭] **અગત્યની જોગવાઈઓ :-** (૧) ઉપરની જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. વધુ અરજીઓને કારણે જયાં પ્રાથમિક લેખિત કસોટી જરૂરી બનશે ત્યાં આવી કસોટી પછી જ તેના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા નકકી કરાશે. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નકકી કરશે નહિ તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યતઃ અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. (૨) આ જાહેરાતોમાં ઠરાવેલ લઘુતમ શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ કરતાં વધુ શૈક્ષણિક લાયકાત અને / અથવા વધુ અનુભવ અને / અથવા લાયકાતમાં ઉંચી ટકાવારીને આધારે રૂબરૂ મુલાકાત માટે આયોગ ઉમેદવારોની સંખ્યા મર્યાદિત કરી શકશે.

[૧૮] **રૂબરૂ મુલાકાત :-** (૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. (૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકીટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકીટ રજૂ કરવાની રહેશે. (૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહિ તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહિ તેની ખાસ નોંધ લેવી.

[૧૯] **નીચે દર્શાવ્યા મુજબની અધૂરી અરજીઓ સીધેસીધી રદ કરવામાં આવશે.** (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.) (૧) આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં અરજી મળેલ ન હોય. (૨) અરજી અને/અથવા પરિશિષ્ટમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય તથા ડાઉનલોડ કરલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવામાં આવેલ નહિ હોય. (૩) અરજી અને/અથવા પરિશિષ્ટમાં ઉમેદવારની સહી ન હોય. (૪) અરજી અને/ અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હશે તો. (૫) અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય. (૬) અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય. (૭) અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય. (૮) અરજી અને પરિશિષ્ટ-માંથી એક જ મોકલાવેલ હોય. (૯) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય. (૧૦) અરજી સાથે ફી ભરેલ હોય પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય. (૧૧) એક જગ્યા માટે એક કરતાં વધુ અરજી મળેલ હોય. (૧૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ થયેલ ન હોય. (૧૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય. (૧૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તા.૧-૪-૨૦૦૯ બાદ મેળવેલ નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય. (૧૫) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૬) જન્મતારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય. (૧૭) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં ઉમેદવારે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય તો. (૧૮) ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નકકી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં પ્રમાણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય તો.

**નિમણૂક :-** (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પ્રસિદ્ધ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઈપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**નોંધ :-** અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat. gov.in** ઉપર જોવા મળશે.

# એન્જિનિયરીંગ ઉદ્યોગની વિવિધ પ્રોજેક્ટ પ્રોફાઇલ

# ૧. એન્જિનિયરીંગ વર્કશોપ

સ્વરોજગાર માર્ગદર્શન

વિનોદ રાવ

◆ **ઉપયોગિતા :**

એન્જિનિયરીંગ વર્કશોપમાં રીપેરિંગકામ, મજુરીકામ અને સર્વીસીંગ કામ પૂરતું મળી રહે છે. જેમાં ઘણું ખરું કરીને ખેતીવાડી ઓજારો તથા મશીનરીનું રીપેરીંગ કામ, ઓટોમોબાઈલ્સના પાર્ટસનું ટર્નિંગ ફીટીંગ કામ તથા ઓટોમોબાઈલ્સ સાધનોનું રીપેરિંગ કામકાજ ઉપરાંત અન્ય મશીનરી બનાવતાં એકમો પાસેથી નાના પાર્ટસ બનાવવાનું મજુરીકામ વગેરેનો સમાવેશ થતો હોય છે. સદર પ્રકારનું કામકાજ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં મળી રહે છે.

◆ **બજાર અને બજાર વ્યવસ્થા :**

આ ઉદ્યોગ શહેરી વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા કક્ષાએ અગર નગર પંચાયત વિસ્તારના ગામોમાં સારી રીતે ચાલી શકે. ઔદ્યોગિક વસાહતની આજુબાજુના વિસ્તારની નજીક સદર ઉદ્યોગના બજાર માટે વિપુલ તકો છે. આ ઉદ્યોગમાં મોટા ઔદ્યોગિક એકમો, એન્જિનિયરીંગ ઉદ્યોગ, બેરિંગના એકમો, મશીનરીના ભાગો બનાવતાં એકમો તરફખી મજૂરી કામથી છૂટા ભાગો બનાવવાનું કામ મળી રહે છે. તેમજ છૂટક રીતે રીપેરિંગ કામ, ખેતીવાડીના ઓજારો, પાણીના પંપો વગેરેનું કામ મળી રહે છે.

◆ **ધારણાઓ :**

(૧) આ ઉદ્યોગ માટે થ્રી ફેઈઝ પાવર કનેકશનની જરૂરિયાત રહેશે.

(૨) આ ઉદ્યોગ શરૂ કરનાર, એન્જિનિરીંગ ઉદ્યોગની તમામ મશીનરીથી કામકાજ કરવાનો અનુભવ ધરાવતા હોય તો વધારાની આવક મેળવી શકે છે. અને વધારાના બે માણસોને રોજગારી આપી શકે છે.

❑ **ઉત્પાદન પ્રક્રિયા :**

આ ઉદ્યોગમાં કોઇ ખાસ ઉત્પાદન પ્રક્રિયા નથી. ગ્રાહક અથવા મોટા એકમના ઓર્ડર પ્રમાણે ટર્નિંગ ફીટિંગ કામ કરી આપવાનું રહે છે. તેમાં ઓટોરીપેરિંગને લગતા એન્જિનિયરિંગ કામનો પણ સમાવેશ કરવામાં આવે છે.

❑ **ઉત્પાદન ક્ષમતા :**

આ ઉદ્યોગમાં કોઇ ઉત્પાદન કરવાનું નથી. પરંતુ ગ્રાહક તરફથી આવતા કાચામાલને તૈયાર કરી મજૂરી કામ કરવાનું છે.

દૈનિક મજૂરી કામ સરેરાશ રૂા. ૭૦૦/-નું ગણતા માસિક ૨૫ દિવસો કામના ગણતાં માસિક આવક રૂા. ૧૫,૦૦૦ થાય.

❑ **પરવાના અંગેની ખાસ જરૂરિયાત :**

આ ઉદ્યોગમાં લઘુ ઉદ્યોગ નોંધણી નંબર મેળવવાથી વિશેષ લાભો મેળવી શકાય છે.

❑ **સ્થાયી મૂડી રોકાણ :**

◆ **જમીન / મકાન**

આ ઉદ્યોગમાં થ્રી ફેઈઝ પાવર કનેકશન મળી શકે તેમ હોય ત્યાં ૧૦' x ૧૫' ભાડાની જગ્યા રાખી સ્થાપી શકાય. માસિક ભાડું રૂા. ૮૦૦/-ગણી શકાય.

◆ **પ્લાન્ટ / મશીનરી / સાધનો / ફર્નિચર વ.**

| અ.નં. | સાધનોનું વર્ણન | સંખ્યા | કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧. | લેથ મશીન ૬ સાઈઝ ચક્ર સાથે | ૧ નંગ | ૬૦,૦૦૦ |
| ૨. | પીલર ડ્રીલ ૧/૨'' કેપેસીટી ચક્ર | ૧ નંગ | ૧૨,૦૦૦ |
| ૩. | બેન્ચ ગ્રાઈન્ડર | ૧ નંગ | ૫,૦૦૦ |
| ૪. | હેક્સો મશીન | ૧ નંગ | ૮,૦૦૦ |
| ૫. | વેલ્ડીંગ મશીન ૩૦૦ એમ્પી. | ૧ નંગ | ૧૦,૦૦૦ |
| ૬. | જીગ્સ ફીકચર જરૂરિયાત મુજબ | | ૬,૦૦૦ |
